કૃપાકરી પ્રસિધ્ધી માટે ૮ ઑકટોબર ૨૦૧૨

## ભારતીય જનતા પક્ષ ના નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે મુંબઈ ખાતે ૮ ઑકટોબર ૨૦૧૨ ના રોજ પત્રકાર પરિષદ માં વિતરીત કરેલ નિવેદન

### *કૃષી પ્રધાન શરદ પવાર નો માછીમારો ને અંગુઠો - રામ નાઈક*

**મુંબઈ, સોમવાર :** "માછીમારોને ડિઝલ પરની સબસીડી વધારી લીટરદીઠ રૂ. ૪ આપવી, માછીમારોને મળનારી લોન નો વ્યાજદર ૪ ટકા કરવો અને ૧૨ નૉટિકલ માઈલની આગળ દરિયામાંની કાયદો અને વ્યવસ્થા આ ત્રણ માગણીઓ પૂર્ણ કરવાનું આશ્વાસન કૃષી પ્રધાન શ્રી શરદ પવારે ૨૬ એપ્રિલ ૨૦૧૨ ના રોજ માછીમારો સાથે ચર્ચા કરતી વેળાં આપ્યું હતું. છતાંયે, હવે તેમણે સકારાત્મક નિર્ણય ન લેતાં માછીમારો ને ઠેંગો બતાવ્યો છે. આના વિરોધમાં માછીમારો નું આંદોલન ઊભું કરવામાં આવશે," આ મુજબની ચેતવણી ભારતીય જનતા પક્ષ ના નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે મુંબઈ ખાતે આજે પત્રકાર પરિષદ માં આપી હતી. તે સમયે ભારતીય જનતા પક્ષ, મહારાષ્ટ્ર પ્રદેશ માછીમાર પાંખ ના સંયોજક શ્રી રાજેંદ્ર મેહેર અને મુંબઈ નાં સંયોજક શ્રી સાગર કિલ્લેકર ઉપસ્થિત હતાં.

માછીમારો ના પ્રશ્ન વિષયક વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે , "વધેલા ડિઝલના ભાવ ધ્યાનમાં રાખી માછીમારો ને લીટરદીઠ રૂ. ૪ ની સબસીડી મળે અને તેમજ ફકત દારિદ્રરેખા તળે ના માછીમારોને સબસીડી આપવાની શરત રદ્દ કરવામાં આવે તેવી માગણી લઈ માછીમાર નેતાઓ ની સાથે દિલ્લી ખાતે ૨૬ એપ્રિલ ૨૦૧૨ નાં રોજ સવિસ્તર ચર્ચા કરવામાં આવી હતી. તે વેળાં દારિદ્રરેખા તળે ના કોઈ પણ માછીમાર પાસે પોતાની માલિકીની બોટ હોઈ જ ન શકે તેવું પ્રતિપાદન કરી આ શરત રદ્દ કરવામાં આવે તોજ માછીમારોને આ યોજના નો લાભ મળી શકે, તેમજ વધારેલાં ડિઝલના દર ધ્યાનમાં રાખી સબસીડીની જાહેર કરેલી રકમ પણ વધારી લીટરદિઠ રૂ.૪ કરવામાં આવે તે મુજબની માગણી કરવામાં આવી હતી. તેમજ ૨૦૧૨-૨૦૧૩ ના બજેટ માં ખેડૂતોની લોન પરનો વ્યાજદર ૭ ટકા કરવાનો નિર્ણય જાહેર કરી સમયસર હપ્તા ભરનારા ને ૩ ટકાની સવલત આપવામાં આવશે અર્થાત ૪ ટકા વ્યાજદરે લોન મળશે તેવું જાહેર કરવામાં આવ્યું હતું. માછીમારી ને દરિયાઈ ખેતી માનવામાં આવે છે માટે માછીમારો ને પણ આ સવલત સાથે નો વ્યાજદર આપવામાં આવે તેવિ માગણી પણ કરવામાં આવી હતી. એ સિવાય બાર દરિયાઈ માઈલથી આગળ વિશેષ આર્થિક ક્ષેત્ર - એકસકલુસિવ ઈકૉનૉમિક ઝોન(ઈઈઝેડ) માં નિર્માણ થનારા કાયદો અને વ્યવસ્થા ના ગંભીર પ્રશ્નો ના નિકાલ માટે કાયદો બનાવવા માં આવે તેવી પણ માગણી કરવામાં આવી હતી. આ પ્રકરણે ૧૭ માર્ચ ૨૦૦૯ ના રોજ આવો કયદો ઘડવાની શરૂઆત કરવામાં આવી છે તેમ કૃષી મંત્રાલયે કહ્યાને ત્રણ વર્ષો વહી ગયા હાલ સૂધી કાયદો ઘડાયો નથી, એમ પણ કૃષી પ્રધાન શ્રી શરદ પવાર નું ધ્યાન દોર્યું હતું."

"ઉપરના ત્રણ પ્રશ્નો બાબતે સકારાત્મક નિર્ણય લેવાનું આશ્વાસન કૃષી પ્રધાન શ્રી શરદ પવારે ૨૬ એપ્રિલ ૨૦૧૨ ના રોજ આપ્યું હતું. તે ચર્ચા બાદ કોઈપણ પ્રકારના સ્પષ્ટ નિર્ણય ન થયાથી શ્રી શરદ પવાર ને સ્મરણપત્ર પાઠવવામાં આવ્યો હતો. તે સ્મરણપત્રનો તેમનો ૨૧ સપ્ટેંબર ૨૦૧૨ ના રોજ જવાબ મળ્યો હોઈ તે પરથી દારિદ્રરેખા તળે ના માછીમારોનેજ ડિઝલની સબસીડી આપવાની ભૂમિકા મા ફેરફાર કરવામાં આવ્યો નથી તેવું સ્પષ્ટ થયું છે, અને વિશેષ આર્થિક ક્ષેત્રમાં કાયદો અને સુવ્યવસ્થા બાબતે કાયદો ઘડવા સંબંધનું વિધેયક તૈયાર કરવાની પ્રક્રિયા હજૂયે ચાલૂ છે તેમ કહેવામાં આવ્યું છે. માછીમારોને સબસીડી ના ૪ ટકા વ્યાજદરે લોન આપવાની સૂચના ૧૨ મી પંચવાર્ષિક યોજના ના સૂધારિત આવૃતિ માં સમાવેશ કરવાનો વિચાર ચાલૂ છે તેમ પણ પત્રમાં કહેવામાં આવ્યું છે. આનો વ્યવહારમાં અર્થ હાલ કોઈ પણ પ્રકારનો નિર્ણય થયો નથી એમજ થાય. માછીમારો ના પ્રશ્નો બાબતે કૃષીપ્રધાન શ્રી શરદ પવાર સાથે ૨૦૦૭ થી સમયાંતરે ચર્ચા કરીને પણ કોઈ સકારાત્મક નિર્ણય કોંગ્રેસ ગઠબંધન સરકારે કર્યો નહી. આ પરથી કૃષી પ્રધાન શ્રી શરદ પવારે માછીમારોને અંગુઠો બતાવ્યો હોવાનું સ્પષ્ટ થાય છે. સરકારની આ સંવેદનાશૂન્ય નિષ્ક્રિયતા વિરૂધ્ધ ભારતીય જનતા પક્ષ જનજાગૃતી નું અભિયાન હાથ ધરી આંદોલન કરશે", તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

**(કાર્યાલય સચિવ)**

**સંલગ્ન : ૨૧ સપ્ટેંબર ૨૦૧૨ નો શ્રી શરદ પવાર નો પત્ર**

D.O. No. 2573 /AM
शरद पवार
SHARAD PAWAR
कृषि एवं खाद्य प्रसंस्करण उद्योग मंत्री
भारत सरकार
MINISTER OF AGRICULTURE &
FOOD PROCESSING INDUSTRIES
GOVERNMENT OF INDIA

सत्यमेव जयते

**No.30035-23/2004-Fy(T-1)**
**21st September, 2012**

Dear Shri Ram Naik

Kindly refer to your letter No.104 dated 01.07.2012 regarding fisheries related issues of coastal fishermen of Maharashtra.

I have got the issues contained in your letter examined. Regarding the issue of regulating fishing in EEZ, the Ministry of Agriculture is in the process of finalizing a draft Bill for the purpose. As regards the diesel subsidy, during 11th Plan the subsidy was enhanced to ₹3 per litre being provided only to the fishers of BPL category. Regarding the issue of interest subvention on the loan taken by fishermen, the matter would be proposed for incorporation in the revised schemes for 12th plan.

With regards,

Yours sincerely,

(Sharad Pawar)

Shri Ram Naik,
9, Shivsmriti,
51, Jayaprakash Nagar,
Goregaon East,
Mumbai-400063.

श्री . राम नाईक
का जनसंपर्क कार्यालय-मुंबई
27 SEP 2012
Office of
Shri Ram Naik - Mumbai

Office : Room No. 120, Krishi Bhawan, New Delhi-110 001 Tel.: 23383370, 23782691 Fax : 23384129
Resi. : 6, Janpath, New Delhi-110 011 (India) Tel. : 011-23018870, 23018619 Fax : 011-23018609
E-mail : sharadpawar.sp@gmail.com